# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## માર્ચ - ૨૦૨૬

## રામનવમીના પાવન અવસર પર સ્નેહા ફાઉન્ડેશન દ્વારા આયોજિત રામાયણ આધારિત ચિત્ર સ્પર્ધા અને સામાન્ય જ્ઞાન સ્પર્ધા યોજવામાં આવી...

રામનવમીના પાવન અવસર પર સ્નેહા ફાઉન્ડેશન દ્વારા વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચિત્ર સ્પર્ધા અને સામાન્ય જ્ઞાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતાં. તેમના ચહેરા પરનો આનંદ, નિર્દોષ સ્મિત અને નવું શિખવાની જિજ્ઞાસાએ સમગ્ર આયોજનને યાદગાર બનાવી દીધું હતું. જ્યારે નાના બાળકો રામાયણના ઉમદા આદર્શોને પોતાની કલા અને જ્ઞાન દ્વારા પ્રસ્તુત કરે છે, ત્યારે તે ક્ષણો ખરેખર ગૌરવપૂર્ણ બની રહે છે.






સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

સ્પર્ધાઓમાં ચિત્રકલા સ્પર્ધા દરમિયાન બાળકોની અદભુત સર્જનાત્મકતા ઝળહળી ઉઠી હતી. જ્યારે સામાન્ય જ્ઞાન સ્પર્ધા દ્વારા ભારતીય સંસ્કૃતિ વિશેનું જ્ઞાન પ્રસરી રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંસ્કાર અને ભારતીય મુલ્યોની સુંદર છાપ સ્પષ્ટ રીતે જોવા મળી હતી.

આ કાર્યક્રમમાં વિજેતાઓને પ્રોત્સાહિત કરવા માટે પ્રથમ ક્રમે આવેલા વિદ્યાર્થીઓને રૂ. ૫૦૧ નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. જ્યારે બીજા અને ત્રીજા ક્રમે આવેલ વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત ભાગ લેનાર દરેક બાળકને સર્ટિફિકેટ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.







## લર્નિંગ સેન્ટર

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશનના લર્નિંગ સેન્ટરમાં વિદ્યાર્થીઓને આવનારી વાર્ષિક પરીક્ષાને ધ્યાનમાં રાખીને વિશેષ તૈયારી કરાવવામાં આવી હતી. વિદ્યાથીઓને વિષયવાર પુનરાવર્તન કરાવવામાં આવ્યું અને મહત્ત્વપૂર્ણ પ્રશ્નો તથા મુદ્દાઓની સમજ આપવામા આવી, શિક્ષકો દ્વારા નિયમિત ટેસ્ટ લેવામાં આવી, જેથી વિદ્યાર્થીઓ પોતાની તૈયારીનું મુલ્યાંકન કરી શકે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને સમયનું યોગ્ય આયોજન, લખાણ કૌશલ્ય અને પરીક્ષા દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે અને તેઓ ઉત્તમ પરિણામ મેળવી શકે તે માટે વિશેષ પ્રયાસો કરવામાં આવ્યા હતાં.

શિક્ષકો અને બાળકો વચ્ચેના આત્મીય સંવાદને કારણે વિદ્યાર્થીઓ પોતાની મૂંઝવણો નિઃસંકોચ રજૂ કરી શક્યા હતા. આ સમગ્ર પ્રક્રિયામાં વાલીઓનો સહકાર પણ નોંધપાત્ર રહ્યો હતો. અંતે, બાળકોના ચહેરા પરનો આત્મવિશ્વાસએ વાતની સાક્ષી પૂરે છે કે તેઓ હવે વાર્ષિક પરીક્ષાના પડકારને ઝીલવા માટે સંપૂર્ણ રીતે સજ્જ અને ઉત્સાહિત છે.




## એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

માર્ચ ૨૦૨૬ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં સર્જનાત્મક અને સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે માટીકામ, કઠોળમાંથી વિવિધ આકારો બનાવવા, ચાંદલામાંથી વિવિધ આકારો વગેરે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતાં.

માર્ચ માસ દરમિયાન બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ સાથે દર શનિવારના રોજ બેગલેસ ડેના વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેમાં ખાસ કરીને બાળકો દ્વારા ભજન, સંગીત, નાટક વેગેરે જેવી કલાઓ પ્રસ્તુત કરવામાં આવી હતી.

આ સાથે બાળકોમાં ભણવાની ઈચ્છા શકિત વધે તે માટે તેઓને આચાર્યશ્રી દ્વારા સ્માર્ટ બોર્ડના માધ્યમથી સમજાવવામાં આવ્યા હતાં.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ● આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે તારીખ ૮ માર્ચ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના બાળકોને મહિલા દિવસનું મહત્ત્વ અને સમાજમાં મહિલાઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન સમજાવવમાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોને નારી શકિત વિશે માહિતગાર કરવામાં આવ્યા અને પ્રેરણારૂપ મહિલાઓ જેવી કે રાણી લક્ષ્મીબાઈ, કલ્પના ચાવલા, ઈન્દિરા ગાંધી અને મેરી કોમના જીવન વિશે માહિતી આપવામાં આવી હતી. અંતે તમામ બાળકોને મહિલાઓનું સન્માન કરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.





## ● વિશ્વ વન દિવસ

તારીખ ૨૧ માર્ચ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને વનોનું મહત્ત્વ અને પર્યાવરણ માટે વૃક્ષો કેટલી અગત્યની ભૂમિકા ભજવે છે તેની માહિતી આપવામાં આવી હતી. તેમને સમજાવવામાં આવ્યું કે વૃક્ષો આપણને શુદ્ધ હવા, છાંયો, ઔષધીય છોડ અને પ્રાકૃતિક સંતુલન જાળવવામાં મદદ કરે છે.

આ કાર્યક્રમ દરમિયાન બાળકોને વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ કરવામાં આવ્યા હતા. તેમને વધુમાં વધુ વૃક્ષો વાવવાની અને વનોનું સંરક્ષણ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી.

આ રીતે બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા અને વનોના મહત્વને સમજાવવા માટે વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.






## ● આંતરરાષ્ટ્રીય જળ દિવસ

તારીખ **૨૨ માર્ચ ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં **આંતરરાષ્ટ્રીય જળ દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને પાણીનું મહત્ત્વ અને પાણીનું સંરક્ષણ કેટલું જરૂરી છે તેની માહિતી આપવામાં આવી હતી. તેમને સમજમવવામાં આવ્યું કે પાણી આપણા જીવન માટે ખુબ જ જરૂરી છે અને પાણી વગર જીવન શકય નથી.

કાર્યક્રમ દરમિયાન બાળકોને પાણીનો વ્યર્થ વપરાશ ન કરવા, પાણી બચાવવા અને સ્વચ્છ પાણીનું મહત્ત્વ સમજમવવામાં આવ્યું હતું. સાથે-સાથે રોજિંદા જીવનમાં પાણી કેવી રીતે બચાવી શકાય તેનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ રીતે બાળકોમાં પાણી પ્રત્ત્યે જાગૃતિ લાવવામાં આવી અને પાણીના સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.





## ● શહીદ દિવસ કાર્યક્રમ

તારીખ **૨૩ માર્ચ ૨૦૨૬**ના રોજ **સ્નેહા ફાઉન્ડેશન** સંસ્થામાં **શહીદ દિવસ** નિમિત્તે બાળકો દ્વારા **રેલી**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો મુખ્ય હેતું જાહેર જનતામાં દેશભકિતની ભાવના જગાવવી અને શહીદોના બલિદાન વિશે જાગૃતિ લાવવાનો હતો. બાળકો હાથમાં બેનર અને દેશભકિત સંબંધિત સુત્રો લઈને ઉત્સાહપૂર્વક રેલીમાં જોડાયા હતાં.

રેલી દરમિયાન બાળકો દ્વારા દેશપ્રેમના નારા લગાવવામાં આવ્યા હતા. લોકોને શહીદોના ત્યાગ અને સમર્પણને યાદ રાખવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા સમાજમાં એક સકારાત્મક સંદેશ ફેલાયા કે આપણું કર્તવ્ય છે કે આપણે શહીદોના બલિદાનને કયારેય ભુલવું નહી અને દેશની સેવા માટે સદૈવ તૈયાર રહેવું જોઈએ.





## ● શ્વસનતંત્ર વિશે માહિતી

તારીખ ૨૮ માર્ચ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકો દ્વારા માનવ શ્વસનતંત્રનું સુંદર મોડેલ તૈયાર કરવામાં આવ્યું આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ બાળકોમાં વૈજ્ઞાનિક જ્ઞાન સાથે-સાથે તેમની સર્જનાત્મક અને પ્રસ્તુતિ કૌશલ્યનો વિકાસ કરવાનો હતો.

આ અવસરે બાળકો દ્વારા વિવિધ વૈજ્ઞાનિક મોડેલ તૈયાર કરવામાં આવ્યા હતાં. જેમ કે ઈલેક્ટ્રીક ચિલો કટર, મેગ્નેટીક લેવીટેશન, રસાયણિક પ્રક્રિયા તેમજ દૈનિક જીવનમાં ઉપયોગી વિજ્ઞાન આધારિત પ્રયોગો. દરેક બાળકોએ આત્મ વિશ્વાસ પૂર્વક પોતાના મોડેલોનું પ્રેઝન્ટેશન આપી તેની કાર્યપદ્ધતિ અને મહત્ત્વ સમજાવ્યું હતું.







# તહેવારોની ઉજવણી

## ● હોળી પર્વની ઉજવણી

તારીખ ૦૨ માર્ચ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં હોળી પર્વની આનંદમય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને હોળીના તહેવારનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. તેમજ હોળી કેમ ઉજવવામાં આવે છે તેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. બાળકોને સત્યની જીત અને અસત્ય પર સત્યનો વિજય દર્શાવતી હોળીની કથા વિશે પણ સમજાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન બાળકોને એકતા, પ્રેમ, સદભાવના અને ભાઈચારાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉજવણી દરમિયાન બાળકો ખુબ આનંદિત થયા હતા અને સૌએ મળીને તહેવારની ખુશીઓ વહેંચી હતી. આ રીતે સ્નેહા ફાઉન્ડેશનમાં હોળી પર્વની ઉજવણી આનંદ અને ઉત્સાહભેર કરવામાં આવી હતી.





## ● ધુળેટી પર્વની ઉજવણી

તારીખ ૦૩ માર્ચ ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ધુળેટીના તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને ધુળેટીના તહેવારનું મહત્ત્વ અને તેની પરંપરા વિશે માહિતી આપવામાં આવી હતી. બાળકોને સમજાવવામાં આવ્યું કે ધુળેટીનો તહેવાર પ્રેમ, આનંદ અને એકતાનું પ્રતિક છે.

આ ઉજવણી દરમિયાન બાળકો સાથે તિલક હોળી રમવામાં આવી હતી, જેમાં એકબીજાને રંગથી તિલક લગાવીને તહેવારની શુભકામનાઓ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ દ્વારા બાળકોને આનંદ સાથે તહેવાર ઉજવવાની અને પર્યાવરણને અનુકુળ રીતે હોળી રમવાની પ્રેરણા આપવામાં આવી હતી. આ ઉજવણીમાં બાળકો ખુબ ખુશ થયા હતા અને સૌએ મળીને આનંદપૂર્વક ધુળેટી તહેવાર ઉજવ્યો હતો.







# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત **તરૂણાવસ્થા** પ્રોજેકટ અંતર્ગત **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** દ્વારા કુલ **૧૪૨** દિકરીઓને **સેનેટરી પેડ્સ**નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટ્યું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

## • દિકરીઓને સ્કોલરશિપ સહાય

તારીખ **૨૨ માર્ચ ૨૦૨૬**ના રોજ **મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ** દ્વારા સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં અભ્યાસ કરતી **૪** દિકરીઓને શૈક્ષણિક હેતુસર **સ્કોલરશિપ** આપવામાં આવી હતી. આ દિકરીઓના પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી આ સહાય તેમના ભવિષ્ય માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

આ પ્રસંગે સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસનો હ્રદયથી આભાર વ્યકત કરે છે. આ પ્રકારની સહાય દ્વારા સમાજના આર્થિક રીતે પછાત વર્ગના બાળકોને શિક્ષણમાં આગળ વધવાની પ્રેરણા મળે છે.

મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ આવા સમાજલક્ષી અને સેવાકીય કાર્યો સતત કરતા રહે અને વધુને વધુ જરૂરિયાતમંદ બાળકોના જીવનમાં પ્રકાશ ફેલાવે તેવી શુભેચ્છાઓ.









## બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

➤ **સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.**

**વર્ષ ૨૦૨૬ના માર્ચ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | ઉતાસણી નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૬ | ૨૪૧ | ૪૮૭ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |
| ૨. | સ્વ. જયેન્દ્રભાઈ આચાર્યની પૂણ્ય તિથિ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૪૫ | ૨૪૪ | ૪૮૯ | શ્રી હેમંતભાઈ આચાર્ય |
| ૩. | શ્રી શિવાક્ષના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૭૨ | ૭૬ | ૧૪૮ | શ્રી જાનવીબેન દર્શનભાઈ જાની |
| ૪. | ચૈત્ર માસ નવરાત્રી નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | -- | ૩૯ | ૩૯ | શ્રી આરતીબેન બુધ્ધા |

## માર્ચ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
| --- | --- |
| ૧. | શ્રી સેવા સત્કાર્ય મંડળ |
| ૨. | શ્રી જાન્વીબેન જાની<br>શ્રી દર્શિતભાઈ જાની |
| ૩. | શ્રી શરદભાઈ ગોહેલ |
| ૪. | શ્રી હિમેશભાઈ ત્રિવેદી |

| એપ્રિલ-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો | |
| --- | --- |
| **તારીખ** | **આયોજનની વિગત** |
| ૦૨ એપ્રિલ ૨૦૨૬ | શ્રી હનુમાન જયંતિ પર્વની ઉજવણી. |
| ૧૦ એપ્રિલ ૨૦૨૬ | હોમિયોપેથિક મેડિકલ કેમ્પ. |
| ૧૧ એપ્રિલ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૧૪ એપ્રિલ ૨૦૨૬ | આંબેડકર જયંતિ. |
| ૧૮ એપ્રિલ ૨૦૨૬ | પરશુરામ જયંતિ. |
| ૨૩ એપ્રિલ ૨૦૨૬ | વર્લ્ડ બુક ડે નિમિત્તે કાર્યક્રમ. |
| ૨૫ એપ્રિલ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |

**ઈશ્વર જયારે આપે છે ત્યારે સારું આપે છે, અને નથી આપતો ત્યારે વધું સારું મેળવવાનો રસ્તો આપે છે, પણ , જયારે “રાહ જોવડાવે છેં” ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જ આપે છે.**

# યાદોનું સંભારણ


















## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**